જુન-સપ્ટેમ્બર-૨૦૧૯ દરમિયાનના જુના પેકેજ અંતર્ગત રાજય બજેટમાંથી સહાય ચુકવવા બાબત.

JT

કૃષિ, ખેડૂત ... સહકાર વિભાગ
ક્રમાંક..........
11 FEB 2020
11125

ગુજરાત સરકાર
કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક : પફબ/૧૦૨૦૨૦/૪૩૩/ક.૭
સચિવાલય ગાંધીનગર
તા. ૦૭/૦૨/૨૦૨૦

સંદર્ભ: ૧. કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ક્ર.પફબ/૧૦૨૦૧૯/૪૧૨૩/ક.૭,તા.૨૬/૧૧/૨૦૧૯
૨. મહેસૂલ વિભાગનો ઠરાવ ક્ર.સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩ તા.૨૭/૦૪/૨૦૧૫
૩. મહેસૂલ વિભાગનો ઠરાવ ક્ર.સીએલએસ/૧૦૨૦૧૯/૧૭૮૦/સ.૩ તા.૨૬/૧૧/૨૦૧૯
૪. ખેતી નિયામકશ્રીની તા.૦૩/૦૨/૨૦૨૦ની સિંગલ ફાઇલ ક્ર.ઇકોસ્ટેટ/વેધર/૨૮૯૪/૨૦૨૦

પ્રસ્તાવના :

ઓકટોબર-નવેમ્બર માસમાં આવેલ કુદરતી આપતિ(કમોસમી વરસાદ)ને કારણે થયેલ પાક નુકશાન અન્વયે વંચાણે લીધેલ સંદર્ભ-૧ ના ઠરાવ મુજબ રાજય બજેટમાંથી તથા સંદર્ભ-૩ ના ઠરાવ મુજબ એસ.ડીઆર.એફના ધોરણો મુજબ સહાય ચુકવવાની થતી હતી. રૂા.૬૮૦૦/- પ્રતિ હેકટર, વધુમાં વધુ બે હેકટર માટે રૂા.૪૦૦૦ થી ઓછી નહી તેટલી સહાય નિયત થયેલ છે તથા જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે એસ.ડીઆર.એફ ના ધોરણો મુજબ સહાયની ચુકવવાપાત્ર રકમ રૂા.૪૦૦૦/- કરતાં ઓછી થતી હોય તો પણ તેવા કીસ્સામાં ખાતા દીઠ ઓછામાં ઓછા રૂા.૪૦૦૦/- ચુકવવાનું વિભાગના સંદર્ભ-૧ મુજબ તફાવતની રકમ રાજયના બજેટમાંથી ચુકવવાનું ઠરાવેલ છે અને તે મુજબ એક જ ઋતુમાં બે જુદા જુદા ઠરાવો હેઠળ અલગ અલગ સહાય મળવાપાત્ર થતી હોઇ વિસંગતતા દુર કરી એકસૂત્રતા રહે તે માટે જુલાઇ-ઓગષ્ટ,સપ્ટેમ્બર શરૂઆત અને સપ્ટેમ્બર અંતમાં આવેલ કુદરતી આપતિમાં થયેલ પાક નુકશાનમાં જયાં જે કિસ્સામાં જમીન ધારકતાને આધારે એસ.ડી.આર.એફના ધોરણો મુજબ સહાયની ચુકવવાપાત્ર રકમ રૂા.૪૦૦૦/- કરતાં ઓછી થતી હોય તેવા કિસ્સામાં રૂા.૪૦૦૦/- ચુકવવા ઠરાવેલ છે જેમાં તફાવતની રકમ જુના જુલાઇ-ઓગષ્ટ,સપ્ટેમ્બર શરૂઆત અને સપ્ટેમ્બર અંતના પેકેજમાં નવા નવેમ્બરના સંદર્ભ-૧ ના ઠરાવમાં નિર્ણય થયા મુજબ વિભાગના અગાઉ મંજુર થયેલ બજેટમાંથી ચુકવવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વક વિચારણાને અંતે રાજયમાં સહાયના ધોરણોમાં એકસુત્રતા રહે તે માટે જુલાઇ,ઓગષ્ટ તેમજ સપ્ટેમ્બર શરૂઆત અને સપ્ટેમ્બર અંતમાં આવેલ કુદરતી આપતિમાં થયેલ પાક નુકશાન માટે અંદાજિત પત્રક-૧ મુજબ લાભાર્થીઓ પૈકી જે લાભાર્થીઓને એસ.ડી.આર.એફ ના ધોરણો મુજબ સહાયની ચુકવવાપાત્ર રકમ રૂા.૪૦૦૦/- કરતાં ઓછી થતી હોય તેવા લાભાર્થીઓને ઓછામાં ઓછા રૂા.૪૦૦૦/- ચુકવવા માટે તફાવતની રકમ મંજુર કરવામાં આવે છે અને આ તફાવતની રકમ પેટે કુલ રૂા.૧૨૦ લાખ રાજય કૃષિ બજેટમાંથી ચુકવવાનું ઠરાવવામાં આવે છે.

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) મુજબના આ વિભાગના સમાનાંકિ ઠરાવની અન્ય બોલીઓ અને શરતો યથાવત રહેશે.

ઉક્ત ઠરાવ સરકારશ્રીની તા.૦૬/૦૨/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(રાજેન્દ્ર પંડયા)
ઉપસચિવ
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણ : પત્રક-૧

પ્રતિ :

૧) માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ—૧, સચિવાલય, ગાંધીનગર.

૨) માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ—૧, સચિવાલય, ગાંધીનગર.

૩) માન.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ—૧, સચિવાલય, ગાંધીનગર.

૪) માન.મંત્રીશ્રી(મહેસૂલ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર.

૫) માન.રા.ક.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૨, સચિવાલય, ગાંધીનગર.

૬) માન.મુખ્યસચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૭) અધિક મુખ્ય સચિવશ્રી(નાણા), સચિવાલય, ગાંધીનગર.

૮) અધિક મુખ્ય સચિવશ્રી(મહેસૂલ), સચિવાલય, ગાંધીનગર.

૯) અધિક મુખ્ય સચિવશ્રી(પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર.

૧૦) રાહત કમિશનરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૧) ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, ગાંધીનગર.

૧૨) એ.જી. કચેરી, રાજકોટ(એ. એન્ડ ઈ.) , ગુજરાત રેસકોર્સ રોડ, રાજકોટ.

૧૩) એ.જી. કચેરી, અમદાવાદ

૧૪) કલેક્ટરશ્રી, તમામ (ખેતી નિયામકશ્રી મારફત)

૧૫) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ (ખેતી નિયામકશ્રી મારફત)

૧૬) સંયુકત ખેતી નિયામકશ્રી(વિ.), તમામ (ખેતી નિયામક મારફત)

૧૭) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, તમામ (ખેતી નિયામક મારફત)

૧૮) બજેટ, નાણા શાખા, આઇ.ટી. શાખા(ઓનલાઇન વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારું) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

૧૯) શાખા સીલેક્ટ ફાઇલ

૨૦) ના.સે.અ. સીલેક્ટ ફાઇલ

પત્રક-૧

## Applications submitted online for June, July, Aug, September old package

| Sr. No. | District | Final Submitted Application |
|---|---|---|
| 1 | Ahmedabad | 9843 |
| 2 | Anand | 195 |
| 3 | Arvalli | 555 |
| 4 | Bharuch | 29981 |
| 5 | BHAVNAGAR | 2207 |
| 6 | Botad | 1216 |
| 7 | Chottaudepur | 2461 |
| 8 | Dahod | 134 |
| 9 | Devbhumi Dwarka | 972 |
| 10 | Gandhinagar | 53 |
| 11 | Gir Somnath | 354 |
| 12 | Jamnagar | 829 |
| 13 | Junagadh | 155 |
| 14 | Kheda | 201 |
| 15 | Mahisagar | 53 |
| 16 | Morbi | 16 |
| 17 | Narmada | 750 |
| 18 | Navsari | 258 |
| 19 | Panchmahal | 805 |
| 20 | Porbandar | 12980 |
| 21 | Rajkot | 250 |
| 22 | Sabarkantha | 4256 |
| 23 | Surat | 288 |
| 24 | Tapi | 134 |
| 25 | Vadodara | 380 |
| State Total | | 69326 |